# ભિલોડાના પાદરા ગામમાં ૧૬ વર્ષીય સગીરની આત્મહત્યા

## પરિવારજનોએ સગીરની હત્યા થઇ હોવાના આક્ષેપ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઇન્કાર

ભિલોડા, તા. ૯

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં યુવક-યુવતીઓની આત્મહત્યા પછી મૃતક યુવક-યુવતીના પરિવારજનોએ હત્યા થઈ હોવાના આક્ષેપ સાથે અનેક દિવસો સુધી લાશને સ્વીકારવાનો અને અંતિમક્રિયાથી દૂર રાખવાના અનેક કિસ્સા નોંધાયા છે. ભિલોડા તાલુકાના પાદરા ગામનો ૧૬ વર્ષીય સગીર નવરાત્રી જોઈ પરત ઘરે ફરી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતા ભારે ચકચાર મચી હતી. સગીરની આત્મહત્યાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ભિલોડા પોલીસને જાણ કરાતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી સગીરના મૃતદેહને પીએમ માટે ભિલોડા હોસ્પિટલમાં ખસેડાતા પીએમ કરાયા બાદ પરિવારજનોએ સગીરે આત્મહત્યા નહીં પણ હત્યા કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા પોલીસતંત્ર પરિવારજનોને સમજાવવાની મથામણમાં લાગી હતી.




પાદરા ગામના ૧૬ વર્ષીય સગીર અને ધોલવાણી હાઈસ્કૂલમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતા બિપિન રમેશભાઈ નિનામા મિત્રો સાથે નજીકમાં અંધારિયા ગામે ગરબી જોવા ગયા પછી વહેલી સવારે તેના જુના ઘરમાં શર્ટ વડે આત્મહત્યા કરી લેતા ઘરની છત સાથે બિપીનનો મૃતદેહ લટકતો હોવાની જાણ પરિવારજનોને થતા પરિવારજનો સહીત લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. ભિલોડા પોલીસને જાણ કરતા ભિલોડા પોલીસે સી.આર.પી.સી. કલમ-૧૭૪ મુજબ એ.ડી. નોંધી સગીરના મૃતદેહને ભિલોડા કોટેજ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડી સગીરના મોતના સંદર્ભે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં બિપિન રમેશભાઈ નિનામાની પીએમની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે પરિવારજનો અને સગા-સંબંધી સહીત લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને યુવકની હત્યા થઈ હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ બિપિનનો મૃતદેહ સ્વીકારવાની ના પાડી દઈ યુવકની આત્મહત્યા નહીં પરંતુ હત્યા જ થઈ હોવાનો અને પરિવારજનોએ પોલીસને જણાવેલ નામ એફઆઈઆરમાં દાખલ કરવાની અને હત્યાનો ગુન્હો નોંધવાની માંગ સાથે ભિલોડા પોલીસ પણ આરોપી સાથે ભળી ગઈ હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ કરતા પોલીસતંત્ર માટે મૂંઝવણભરી પરિસ્થિતિ પેદા થઈ છે. ભિલોડા પોલીસ સહીત જીલ્લાની પોલીસ ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં તકેદારીના ભાગ રૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેતા પોલીસ છાવણીમાં હોસ્પિટલ ફેરવાઈ છે.

મૃતક બિપિન નિનામાના પરિવારજનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા અને હત્યાનો ગુન્હો આરોપી સામે નહીં નોંધાય ત્યાં સુધી લાશ નહીં ઉઠાવવામાં આવેનું પરિવારજનોએ મક્કમતાપૂર્વક જણાવી ન્યાયની માંગ કરી હતી. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા છે. હાલ ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં અને સગીરના વતનમાં ભારેલા અગ્નિ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે.



## ધાનેરામાં મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉત્સાહભેર ઉજવણી

ધાનેરામાં મહાત્મા ગાંધી ની ૧૫૦ મી જન્મ જયંતિ ની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી સાથે સાથે લોકોને સ્વચ્છ ભારત સ્વચ્છ ધાનેરાનો સંદેશ પણ આપ્યો હતો. ધાનેરા નગરપાલિકા ધ્વરા ધાનેરા ની મણીબેન વ્રજલાલ મહેતા હોસ્પિટલ આગળ આવેલા ગાંધીજી ની પ્રતિમા ને ફુલહાર કરી ગાંધીજી ની ૧૫૦ મી જન્મ જયંતિ ની ઉત્સાહભેર ઉજવણી કરી હતી ગાંધીજી ની પ્રતિમા ને ફુલહાર કર્યા બાદ ત્યાંથી વિશાલ રેલી નીકાળવામાં આવી હતી અને આ રેલી ધ્વરા લોકોને સ્વચ્છતા નો સંદેશ પણ આપવામાં આવ્યો હતો અને આ રેલી ધાનેરા ના લાલચોક ખાતે આવેલ બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા પાસે આવી બાબા સાહેબ ને ફૂલ હાર કાર્ય હતા અને ઉત્સાહભેર ઉજવણી કરી હતી આ કાર્યક્રમમાં ધાનેરા નગરપાલિકા ના પ્રમુખ ઉપ પ્રમુખ પૂર્વ પ્રમુખ તેમજ પાલિકા ના સદસ્યો દ ચીફ ઓફિસર મામલતદાર સહીત સફાઈ કામદારો અને મોટી સંખ્યા માં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈડરમાં ૧૦૫ દલિતોનું ધર્મપરિવર્તન

હિંમતનગર, તા. ૯

હિંમતનગર સહિત સમગ્ર દેશમાં દલિતો પર થઈ રહેલા હુમલા અને તેમની અવગણના થતી હોવાનુ માનીને દલિત સમાજમાં તે પ્રત્યે ભારે રોષ વ્યાપ્યો છે તેમજ થોડા સમય અગાઉ મહારાષ્ટ્રમાં દલિત સમાજના બે બાળકોની કરાયેલી નિર્મમ હત્યાને લઈને દલિત સમાજ ખુબજ ખફા છે ત્યારે અશોક વિજયાદશમી (દશેરા)ના દિવસે સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આવેલ બુદ્ધનગરમાં એક સામટે ચાર જિલ્લાના અંદાજે ૧૦૫ દલિતોએ બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

આ અંગે ઈડરના અગ્રણી અને બુદ્ધનગરના કન્વિનર હાર્દિકભાઈ ચૌહાણે કરેલા દાવા મજુબ સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર સહિત અન્ય એક જિલ્લાના મળી ૧૦૫ દલિતોએ પોતાના કારણો દર્શાવીને ધર્મપરિવર્તન કરવાનો નિર્ણય લીધો હતો. જેના ભાગરૂપે મંગળવારે વિજયા દશમીના દિવસે ઈડરની સી.કે. સરસ્વતી વિદ્યાલય નજીક આવેલા બુદ્ધનગર ખાતે ધર્મપરિવર્તન કરનાર જ્ઞાતિજનોની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં બૌદ્ધધર્મના ગુરૂઓની ઉપસ્થિતિમાં ચાર જિલ્લાના દલિતોએ બૌદ્ધ ધર્મ અંગીકાર કરીને પોતાનો મત સ્પષ્ટ કર્યો હતો. તેમના દાવા મુજબ અન્ય ધર્મો કરતા બૌદ્ધધર્મમાં તેમનો વિકાસ વધુ થતો હોવાનો મત પ્રગટ કરે છે. જોકે ધર્મપરિવર્તન કરતા અગાઉ તેમણે ઈડરની પ્રાંત કચેરીમાં અઠવાડીયા અગાઉ લેખિત જાણ કરી હતી પરંતુ ત્યાંથી કોઈ પ્રત્યુત્તર આવ્યો ન હોવાનું જણાવાય છે તો બીજી તરફ ઈડર પ્રાંત કચેરીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ કેટલાક દલિતોએ બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા અંગે લેખિત જાણ કરી હતી પરંતુ તે સત્તા પ્રાંત અધિકારી પાસે ન હોવાથી પોલીસ પાસેથી અહેવાલ મંગાવીને જિલ્લા કલેક્ટરને મોકલી અપાયો હતો.

ઉલ્લેખનીય છે કે ૧૯૫૬માં નાગપુર ખાતે ડૉ. આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો જેને લઈને આજે દલિત સમાજના કેટલાક લોકો બૌદ્ધ ધર્મથી ખુબજ આકર્ષિત બન્યા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

# પ્રાંતિજ નગરમાં કૂતરાઓના ત્રાસથી નગરજનો ત્રસ્ત

## કેટલાક વિસ્તારોમાં ગાય-કુતરાઓનો ત્રાસ : રહીશો તથા અવરજવર કરતા લોકોમાં ભય

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરમાં રખડતી ગાયો અને કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. તેમાય વોર્ડ નં.-૫મા કૂતરાઓના ઝુડને ઝુડ રખડતા જોવા મળે છે. અહીંના રહિશોએ એક માસ પૂર્વે લેખિત રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા આજસુધી કૂતરા પકડવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ પ્રશ્ને ચીફ ઓફિસર શ્રી પટેલે ૧૫ દિ'મા કાર્યવાહી કરવાનું જણાવ્યું છે.



પ્રાંતિજનગરના ગલેચી ભાગોળ, વ્હોર વાડ, જમાતખાના, ઘાચીવાડા, બજારચોક, લાલદરવાજા, નાનીભાગોળ, બહારકોટ, ભોઈવાસ, ભટ્ટીવાડા, પઠાણવાડા વગેરે વિસ્તારોમાં રખડતા કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. રોડ ઉપર, મહોલ્લા તથા શેરીઓમાં કૂતરાઓના ઝુંડના ઝુંડભટકતા જોવા મળે છે. કૂતરાઓની રોડ ઉપર લડાઈમા ઘણી વખત દ્વિચક્રી વાહનો, વૃધ્ધો, નાના બાળકો અડફેટે ચઢી જતાં હોય છે. વ્હોરવાડમા એક નાના બાળકને કૂતરુ કરડી જવાનો પણ બનાવ બન્યો છે. જેથી કૂતરાઓથી પ્રાંતિજવાસીઓ તૌબા પોકારી ગયા છે. આ અંગે સ્થાનિક રહિશોએ દ્વારા પાલિકામા એક માસ પૂર્વે લેખિત રજૂઆત કરી હતી તેમ છતાં આજસુધી કોઈ કાર્યવાહી ના થતા આ પ્રશ્ને સ્થાનિક કોર્પોરેટર મોહસીન છાલોટીયાએ પણ રજુઆત કરેલ છે. તો આ બાબતે પાલિકાના ચીફ ઓફિસર વિશાલભાઇ પટેલને ટેલિફોનિક પૃચ્છા કરતા તેવો એ જણાવ્યું કે, કૂતરા પકડવાનો જાણકાર કોઈ સ્ટાફ પાલિકા પાસે નથી. પંદર દિવસમા કૂતરા પકડવાના ભાવો મંગાવી એજન્સી નિર્ધારણ કરી કામગીરી કરવામાં આવશે ત્યારે હાલતો કેટલાયા વિસ્તારોના રહીશોને કૂતરાઓના ત્રાસમાંથી મુક્તિ મળે તેની ઉપર મીટ માંડી બેઠા છે.



## ધાનેરામાં ખેડૂતો વળતર આપવા માંગ

ધાનેરામાં કિસાન સંઘ ધ્વારા ખેડૂતોના પાક નિષ્ફળને લઈ આવેદનપત્ર આપી ખેડૂતો વળતર આપવા માટે માંગણી કરી છે. ધાનેરા વિસ્તારના ખેડૂતો છેલ્લા ૪ વર્ષથી ખેતીમાં નુકસાન કરી રહ્યા છે. ૨૦૧૫ અને ૨૦૧૭માં પૂરને લઈ ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો હતો. તો ૨૦૧૬ અને ૨૦૧૮ માં પૂરતા પ્રમાણ માં વરસાદ ન પડતા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ હતી. તો ચાલુ વર્ષે પાછોતરા વરસાદને લઇ ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવા પામ્યો છે ત્યારે આજે કિશાન સંઘ ધાનેરા ધ્વરા ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ખેડૂતોને સહાય આપવા માટે માંગની કરી છે.

## મહેસાણા જિલ્લાના વડનગર ખાતે ૬ અને ૭ નવેમ્બરે તાના-રીરી મહોત્સવ યોજાશે

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે દર વર્ષે કારતક સુદ નોમ અને દશમના દિવસે તાના-રીરી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તાના-રીરી સમાધિ ખાતે તાના-રીરી મહોત્સવ યોજાનાર છે. આ મહોત્સવ ગરીમાપુર્ણ યોજાય તે માટે જિલ્લા કલેકટર એચ.કે. પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે આગામી માસમાં યોજાનાર તાના-રીરી મહોત્સવમાં રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કલાકારો ઉપસ્થિત રહેનાર છે. આ મહોત્સવ સંદર્ભે સ્વચ્છતા પર ખાસ ભાર મુકવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત લાઈટ ડેકોરેશન, મંડપની વ્યવસ્થા, પ્રચાર-પ્રસારની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા સહિતની વિવિધ આનુંષંગિક વ્યવસ્થાઓ માટે માઈક્રો પ્લાનીંગર કરવા સંબંધિત અધિકારીઓને સુચનો કર્યા હતા.

## ડીસાના માયાનગર વિસ્તારમાં બંધ મકાનમાં રોકડ અને દાગીનાની ચોરી

ડીસા

ડીસાના માયા નગર વિસ્તારમાં આવેલ એક બંધ મકાનને નિશાન બનાવી ત્રાટકેલા અજાણ્યા તસ્કરો રોકડ અને દાગીના ચોરીને પલાયન થઈ જતા શહેરીજનોમાં ફફડાટ ફેલાયો છે.

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તાર નજીક આવેલા માયા નગર વિસ્તારમાં રહેતા પ્રેમજીભાઈ મણિલાલ જાદવ નોમના દિવસે માતાજીની પડલી ભરવા પોતાના વતન ગયા હતા તે દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરો તેમના બંધ મકાનના દરવાજાના નકુચા તોડી તિજોરીમાં પડેલ ૩૫૦૦૦ ની રોકડ તેમજ ઘઉં ભરવાના પીપડામાં રાખી મુકેલ સોનાં ચાંદીના દાગીના જેની કિંમત ૩૧૦૦૦ રૂપિયા મળી કુલ ૬૬૦૦૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા બીજા દિવસે પ્રેમજીભાઈ પરત આવેલા અને મકાનના દરવાજાનો નકૂચો તૂટેલો હતો અને ઘરમાં સામાન પણ વેર વિખેર પડેલો જોઈ તપાસ કરતા રોકડ અને દાગીનાની ચોરી થયાનું માલુમ પડતા આ મામલે તેમણે દક્ષિણ પોલિશ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્ક્વોડની મદદ વડે તપાસ હાથ ધરી હતી.



## ધાનેરામાં તસ્કરોનો તરખાટ : બંધ મકાનના તાળા તોડ્યા

ધાનેરા ફરીથી તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે ત્યારે બંધ મકાન માં ત્રણ બુકાની ધારીઓએ મકાનના તાળા તોડી મકાન ચોરી નો પ્રયાસ કર્યો હતો. ધાનેરાની ડીબી પારેખ હાઈસ્કૂલ ની સામે આવેલા મકાન આજે વહેલી સવારે ત્રણ બુકાની ધારીઓ બાઈક પર આવ્યા અને મકાન ના તાળા તોડી મકાન પ્રવેશ્યા હતા અને સમાન વેર વિખેર કરી નાખ્યો હતો મકાન માં રહેતા રણજીતભાઈ પરમાર નવરાત્રી ની આઠમ નિમિતે પલ્લી ભરવા માટે તેમને વતન ગયા હતા અને આજે સવારે ઘરે આવી જોતા ઘરના તાળા તૂટેલા જોવા મળતા ઘરમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા ત્રણ બાઈક સવારો વહેલી સવારે આવી મકાન પ્રવેશ્યા હતા તેની જાણ થતા તાત્કાલિક ધાનેરા પોલીસ ને જાણ કરતા ધાનેરા પોલીસે તાપસ નો ધમધમાટ શરુ કર્યો છે.

## મચ્છરજન્ય બીમારીઓનો પ્રતિકાર કરવા પાલનપુરના વિદ્યામંદિર કેમ્પસના સાડા પાંચ હજાર વિદ્યાર્થીઓમાં આયુર્વેદિક ઉકાળાનું કરાયું નિ:શુલ્ક વિતરણ

મચ્છરજન્ય બીમારીઓ જેવી કે તાવ, ખાંસી, હાથ પગ કે માથાના દુખાવો સામે રક્ષણ મેળવવા આજે વિદ્યામંદિર કેમ્પસમાં સાડા પાંચ હજાર વિદ્યાર્થીઓને કેમ્પસ ડાયરેક્ટર શ્રીમાન હસમુખભાઈ મોદીના હસ્તે આયુર્વેદિક ઉકાળા નું પાન કરાવવામાં આવ્યું હતું. પાલનપુર નગરપાલિકા સ્ટ્રીટલાઈટ ચેરમેન ભારતી બી. ઠાકોર અને અખંડ સ્વદેશ નવનિર્માણ વિઝન-૨૦૩૪ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ આયુર્વેદિક ઉકાળાની નિ:શુલ્ક વિતરણ સેવામાં કરાટે કોચ શ્રી જયેશભાઈ પ્રજાપતિ, કો- ઓર્ડીનેટર શ્રીમતિ કોકિલાબેન પુરોહિત, ઉપરાંત કેમ્પસ સ્ટાફમાંથી દિપાબેન ,ભાનુભાઈ રાવલ, ઉપરાંત યુવા સમાજસેવક એવા દીપેન માળી અને ભારત ઠાકોર તથા કેન્ટીનના મહારાજ ગજેન્દ્રભાઈએ સુંદર આયોજન કરી પ્રેમપૂર્વક વિદ્યાર્થીઓને આ ઔષધિનું પાન કરાવી વિદ્યાર્થીઓને સાચવવામાં પણ સારી એવી જહેમત ઉઠાવી હતી.

# ગેહલોતે દારૂબંધી અંગેનું નિવેદન કદાચ દારૂ પીધેલી અવસ્થામાં કર્યું હશે : પ્રદીપસિંહ જાડેજા

ગુજરાતમાં દારૂબંધી પર રાજસ્થાનનાં મુખ્યમંત્રી અશોક ગહલોતે ગઈકાલે કહ્યુ હતું કે, વ્યક્તિગત રીતે હું દારૂબંધીનું સમર્થન કરું છું. દારૂબંધીનો એકવાર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેનો અમલ નિષ્ફળ રહ્યો હતો જેથી પ્રતિબંધને હટાવી દેવામાં આવ્યો હતો. આઝાદી બાદથી ગુજરાત માં દારૂ પર પ્રતિબંધ છે પરંતુ ત્યાં દારૂની ખપત સૌથી વધુ છે, ઘરે-ઘરે દારૂ પીવાય છે. જે બાદ રાજ્યનું રાજકારણ ગરમાયું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ નિવેદનને ગુજરાતના સાડા ૬ કરોડ લોકોની અસ્મિતાનું અપમાન ગણાવ્યું હતું.

રાજ્યનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલ એનસીપીનાં નેતા શંકરસિંહ વાઘેલાએ પણ આ મુદ્દામાં ઝંપલાવ્યું છે. તેમણે કહ્યું છે કે સરકારને દારૂબંધી પર ફરી વિચારણા કરવી જોઇએ. દારૂ બંધીનો જોરદાર કટાક્ષ કરતા જણાવ્યું હતું કે ગુજરાતનો એક કિ.મી. એવો વિસ્તાર નહીં હોય કે જ્યાં પોટલી મળતી ન હોય ગુજરાતમાં દારૂબંધી અંગે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે આપેલ નિવેદનનો વિવાદ વધુ વકરતો જણાય છે.



બાયડ વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપે વિજય પ્રાપ્ત કરવા ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાને વિશેષ જવાબદારી સોંપી છે. ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા બાયડના ઈન્દ્રાણ ગામમાં આયોજિત શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શસ્ત્ર પૂજા કરી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં મળે છે, સ્વતંત્ર દારૂના નિવેદન સામે ગુજરાતના ગૃહ પ્રધાને ગેહેલોતે કદાચ દારૂ પીધેલી અવસ્થામાં કરેલું નિવેદન છે એટલે વધારે કઈ નહિ કહેવાનું રહેતું નથી અને આ અંગે વધુ કહેવાનું ટાળ્યું હતું.

# ધાનેરા ખાતે હજુ પણ ગરીબ વાલ્મિકી સમાજના લોકોને સરકારી સહાયથી વંચિત

સરકારશ્રી દ્વારા અનેક પ્રકારની ગરીબો માટે સહાયની યોજનાઓ તૈયાર કરેલ છે જ્યારે ધાનેરામાં આવાસ યોજનાથી લઈને અનેક પ્રકારની સરકારી રાહત યોજનાઓથી ગરીબ વંચિત છે ધાનેરામાં વાલ્મિકી સમાજ સફાઈ અભિયાન માટે મોખરે રહ્યું છે અને પાણીનું પૂર હોય કોઈપણ ઘટના હોય ત્યાં પણ ગંદકીમાં પણ પોતે અંદર જઈને સ્વચ્છતા કરી રહ્યા છે ત્યારે ધાનેરામાં વાલ્મિકી સમાજના લોકો પ્રધાનમંત્રી આવાસ યોજનાથી વંચીત છે તેમના વર્ષોથી જૂના પુરાણા ઘરમાં રહે છે સો જેટલી સંખ્યાઓમાં ફક્ત બે થી પાંચ વાલ્મિકી સમાજના પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં મકાન પાસ કરવામાં આવેલ છે ગરીબો પર સરકાર ધ્યાન આપી તેમને મદદરૂપ થાય તેવી વાલ્મિકી સમાજના આગેવાનો દ્વારા જાણવા મળેલ છે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાજને સુવિધાનો લાભ મળે તેવી લોકોની વિનંતી છે.

# હિંમતનગર પાલિકા દ્વારા સોસાયટીઓ માટે સ્વચ્છ સોસાયટી સ્પર્ધા યોજાશે

હિંમતનગર, તા. ૯

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન અંગે સરકાર અને વહિવટીતંત્ર દ્વારા અનેકવિધ પ્રયાસો કરીને લોકોમાં જાગૃતિ લવાઈ રહી છે ત્યારે રાજ્ય સરકારે પણ શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓના માધ્યમથી સ્વચ્છતા અભિયાનને વધુ વેગવાન બનાવવા અપીલ કરી છે. ત્યારે હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરની સોસાયટીઓ માટે સ્વચ્છ સોસાયટી સ્પર્ધાનું નવેમ્બરથી ડિસેમ્બરના સમયગાળામાં આયોજન કર્યુ છે. જે મુજબ આ હરીફાઈમાં સારો દેખાવ કરનાર સોસાયટીઓને વિકાસકામોના નામે વધારાની ગ્રાન્ટ આપવામાં આવશે.

આ અંગે પાલિકાના ચીફ ઓફિસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ ગુજરાત સહિત દેશમાં સ્વચ્છતા અભિયાનને સારી સફળતાઓ મળી રહી છે ત્યારે હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરની તમામ સોસાયટીઓ માટે સ્વચ્છ સોસાયટી સ્પર્ધામાં ભાગ લેનાર સોસાયટીઓની તજજ્ઞો દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે.

જે સોસાયટી પ્રથમ નંબરે આવશે તેને સરકારના માપદંડ મુજબ રૂ. ૨૫ લાખ, દ્વિતિય નંબરે આવનાર સોસાયટીને રૂ. ૧૫ લાખ અને ત્રીજા નંબરને રૂ. ૧૦ લાખની વિકાસકામોની ગ્રાન્ટ ફાળવવામાં આવશે. ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર સોસાયટીઓને આશ્વાસન ઈનામ તરીકે વિકાસના કામો સરકારની ગાઈડલાઈન મુજબ કરી આપવામાં આવશે તથા વોર્ડ કક્ષાએ પણ પ્રથમ નંબર મેળવનારને રૂ. ૧૦ લાખની ગ્રામ્ટ અપાશે જે અંગે ચાલુ મહિનામાં દરેક સોસાયટીઓને નગરપાલિકામાં રજીસ્ટ્રેશન કરાવવુ પડશે.

### ઉત્તમ દેખાવ કરનાર સોસાયટીઓને વિકાસકામો માટે વધારાની ગ્રાન્ટ મળશે

આ સ્પર્ધાના માપદંડોના આધારે મુલ્યાંકન કરાયા બાદ ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં પરિણામ જાહેર થશે સ્વચ્છ સોસાયટી સ્પર્ધામાં હિંમતનગરની પાંચથી વધુ સહયોગી સંસ્થાઓ લોકોને જાગૃત કરવા માટે મદદ કરશે. સ્વચ્છતા સ્પર્ધામાં ભાગ લેનાર સોસાયટીના દરેક મિલ્કત ધારકોએ સુકો કચરો નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ડસ્ટબીનના માધ્યમથી નગરપાલિકાના વાહનમાં પહોંચાડવો પડશે. સોસાયટી વિસ્તારના રસ્તાઓ તથા ખુલ્લી જગ્યા અને કોમનપ્લોટ સ્વચ્છ રાખવા પડશે અને પાણીના વપરાશના ગટર જોડાણ ફરજીયાત રહેશે. સાથોસાથ સોસાયટીના મિલ્કતધારકો સીંગલ યુઝ પ્લાસ્ટીક તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા ન હોવા જોઈએ.